દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૭/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૮

**ગીર સોમનાથ જિલ્લાના મ્હે.એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ**
**મુ. ઉના, જી. ગીર સોમનાથ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૫૪/૨૦૨૬**

---

**અરજદારો:-** (૧) નરસિંહભાઇ ચકુરભાઇ બલદાણીયા,
ઉ.વ.આ.૪૦, ધંધો:મજુરી,
રહે.ધોકડવા, તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથ,
હાલ રહે.સુમન સંગીની સોસાયટી, ડુભાલ,
પર્વત પાટીયા, મુ.સુરત.

(૨) સંજયભાઇ નરસિંહભાઇ નકુમ,
ઉ.વ.આ.૨૮, ધંધો:હીરાઘસુ,
રહે.કડીયાળી, તા.રાજુલા, જી.અમરેલી,
હાલ રહે.વિક્રમ નગર સોસાયટી, પુણા ગામ,
તા.જી.સુરત.

**અરજદારો તરફે :-** વિ.વકીલશ્રી એસ.વી.કાદરી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** સ્ટેટ ઓફ ગુજરાત

**સામાવાળા તરફે :-** વિ.પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ

**ગુન્હા રજીસ્ટર નં:-** **૧૧૧૮૬૦૦૩૨૬૦૧૩૧/૨૦૨૬**

**પોલીસ સ્ટેશન:-** **નવાબંદર મરીન પોલીસ સ્ટેશન.**

**-॥ આંક-૧ લગત હુકમ ॥-**

**૧.** હાલની અરજ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયે અરજદારોએ **નવાબંદર મરીન પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૩૨૬૦૧૩૧/૨૦૨૬ બી.એન.એસ. કલમ-૧૧૮(૨), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૧(૩) તથા ૫૪** મુજબના ગુન્હામાં રેગ્યુલર જામીન પર મુકત થવા માટે આપેલ છે.

**૨.** હાલની જામીન અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કાઢતા સામાવાળા તરફે વિ.પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલ હાજર થયેલ છે અને તપાસ કરનાર અધિકારીએ જામીન અરજીની વિરૂદ્ધમાં આંક-૦૯ થી સોગંદનામું રજુ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે. તેમજ મુળ ફરીયાદી તરફે આંક-૦૬ થી વાંધા જવાબ રજુ રાખેલ છે.

**૩.** અરજદારોના વિ.વ.શ્રી એસ.વી.કાદરીની રજુઆત છે કે, કહેવાતા બનાવ બાબતે અરજદાર કશુ જાણતા નથી. અરજદાર તદન નિર્દોષ છે. અરજદારે કહેવાતો કોઇ પણ પ્રકારનો ગુનો કરેલ નથી. ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો બનાવ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ બનેલ હોય તેવુ જણાઇ આવે છે અને તપાસના કામે તપાસ અધિકારીએ બી.એન.એસ.ની કલમ-૧૧૮(૨) નો ઉમેરો તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ રાજકીય વગ અને પોલીટીકલ દબાણથી કરેલ છે. આ રીતે કલમનો ઉમેરો ૧૦ દિવસ મોડો કરવામા આવેલ છે જે સ્વયં શંકા ઉપજાવે છે. સદરહુ ગુનાના ફરીયાદી હોસ્પીટલ માંથી ડીસ્ચાર્જ થયેલા છે અને હવે આઉડ ઓફ ડેન્જર છે. અરજદારો કોઇ ગુનો કરવાની ટેવ વાળા નથી. અરજદારોની આ પ્રથમ જામીન અરજી છે. અરજદારોને જો વધુ સમય જેલમાં રાખવામાં આવશે તો તેના માનસ ઉપર ગંભીર અસર થવાની શકયતા છે અને

તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. જામીન એ નિયમ અને જેલ એ અપવાદના સિધ્ધાંત મુજબ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટે સંજયચંદ્રા વિરુધ્ધ સી.બી.આઇ. ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં.૬૩ ના ચુકાદામાં જામીન ઉપર મુકત કરવા સંબંધે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ અરજદારોને જામીન ઉપર મુકત કરવા જોઇએ. તેમજ અરજદાર અરજીમા જણાવ્યા સંબંધે સ્થાયી વસવાટ ધરાવતા હોય ક્યાંય નાસીભાગી જાય તેમ નથી. તેમજ ટ્રાયલ વખતે નિયમીત હાજર રહે તેવી ખાતરી આપતા હોય અરજદારોને જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે.

૪. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.પ્રોસીકયુટરશ્રી એમ.કે.ગોહેલની રજુઆત છે કે, આ કામના આરોપીઓએ તેમના બહેનના ઘરેલુ ઝઘડા બાબતે મનદુ:ખ રાખી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી શરીરે મુંઢ માર મારી તેમજ હાલના અરજદાર/આરોપી નં.૧ નાએ ફરીયાદીને ડાબા પગે લોખંડના પાઇપનો ઘા મારી ઘુંટીના ભાગે ફ્રેકચર કરી તથા અન્ય આરોપીએ ફરીયાદીને જમણા પગ ઉપર ગોઠણના ભાગે લોખંડની ટી નો એક ઘા મીર ફ્રેકચર કરેલ તથા હાલના અરજદાર/આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે લાકડાના ધોકા વડે માર મારેલ તથા હાલના અરજદાર/આરોપી નં.૧ નાએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને અન્ય આરોપીએ એક સફેદ કલરની ફોરવ્હીલ ચલાવી નાસી જઇ તમામ આરોપીઓએ ગુનામાં એકબીજાને મદદગારી કરી ગંભીર પ્રકારનો શરીર સંબંધી ગુનો કરેલ છે. તેમજ હાલના ગુનાની હજુ તપાસ ચાલુ છે અને હજુ એક મુખ્ય આરોપી નાસતો ફરતો હોય તેમને પકડવાનો બાકી છે. અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી શકયતા છે અને ફરી આવા ગંભીર પ્રકારના ગુનાઓ બને તેવી શકયતા છે. તેમજ અરજદાર/આરોપીઓને જો જામીન મુકત કરવામાં આવશે તો

સમાજમાં આવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધશે અને આરોપીને કાયદાનો ડર રહેશે નહી અને ફરીથી ગુનો કરવા પ્રેરાશે. અરજદાર/આરોપીઓએ ગંભીર પ્રકારનો શરીર સંબંધી ગુનો કરેલ હોય જામીન ઉપર છુટશે તો ફરીથી સુલેહ શાંતીનો ભંગ થવાની શકયતા છે. જેથી અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

**પ.** આ કામે મુળ ફરીયાદી તરફે આંક–૦૬ થી વાંધા રજુ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપીઓ ફરીયાદીને જાનથી મારી નાખવા માંગતા હતા અને ફરીયાદીને મારી નાખવાના ઈરાદાથી ભયંકર હથીયાર લોખંડનો પાઈપ, લોખંડની ટી, લાકડાના ધોકાથી એકબીજાની મદદગારી કરીને ફરીયાદી ઉપર જીવલેણ હુમલો કરેલ છે. જેથી ફરીયાદી હલન ચલન કરી શકે તેમ નથી. આ ગુનાના અન્ય આરોપીને પકડવાના બાકી છે. તેમજ આ ગુનાનું કાવતરુ રચનાર રેખાબેન વા/ઓ અરુણભાઈ સીસારા રહે.સીમર તા.ઉનાવાળા ખુલ્લે આમ ગામમાં ફરે છે તેઓનું નામ પોલીસ ધ્વારા ઉમેરવામાં આવેલ નથી. તેણી આ ગુનામાં કાવતરુ રચનાર તથા મદદગારી કરનાર મુખ્ય આરોપી છે. તેણીનું નામ ઉમેરવા માટે ફરીયાદીએ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ અરજી કરેલ છે. હાલના અરજદાર/આરોપીઓને હાલના તબકકે રેગ્યુલર જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદીના પરીવારને જાનનું જોખમ ઉભુ થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપીઓને પ્રોત્સાહન મળશે અને તેઓ ભયમુકત બની જશે અને તેની સમાજ ઉપર પણ ખરાબ અસર પડશે. જેથી અરજદાર/આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૬.** બંને પક્ષોની રજૂઆત સાંભળી. તપાસ અધિકારીનું એફીડેવીડ વંચાણે લીધુ. તમામ હકીકતો ધ્યાને લેતા હાલના અરજદાર/આરોપી નં.૧ નાએ ફરીયાદીને ડાબા પગે લોખંડના પાઈપનો ઘા મારી ઘુંટીના ભાગે

ફ્રેકચર કરી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તથા હાલના અરજદાર/આરોપી નં.૨ નાએ ફરીયાદીને શરીરે લાકડાના ધોકા વડે માર મારેલ હોવાના આક્ષેપો છે. વધુમાં, તપાસ અધિકારીનું સોગંદનામુ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીઓએ ઉપયોગમાં લીધેલ હથિયારો તથા ફોરવ્હીલ કાર ગુનાના કામે કબજે કરેલ હોવાનું જણાવેલ છે તેમજ ફરીયાદી હાલ કોઈ સારવાર હેઠળ નથી તેવુ પણ જણાવેલ છે. અરજદાર/આરોપીઓ સદર ગુનાના કામે તા.૦૪/૦૩/૨૦૨૬ થી કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીઓને વધુ કસ્ટડીમાં રાખવા અંગે કોઈ કારણ જણાતુ નથી. તેમજ અરજદારો સામેના આક્ષેપોની ગંભીરતા ધ્યાને લેતા તેમજ અરજદારોના વકીલશ્રી ધ્વારા ટ્રાયલ વખતે નિયમીત હાજર રહેવાની રજુઆત કરેલ હોય અને જામીન મુકત કરવામાં આવે તો જામીન સંદર્ભે ફરમાવેલ શરતોનું પાલન કરવા તૈયારી દર્શાવતા હોય અરજદારોને જામીન મુકત કરવા જોઈએ તે હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ અન્વયેની હાલના અરજદારોની રેગ્યુલર જામીન અરજી **"શરતી મંજુર"** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી (૧) નરસિંહભાઈ ચકુરભાઈ બલદાણીયા, રહે.ધોકડવા, તા.ગીરગઢડા, જી.ગીર સોમનાથ, હાલ રહે.સુમન સંગીની સોસાયટી, ડુભાલ, પર્વત પાટીયા, મુ.સુરત, (૨) સંજયભાઈ નરસિંહભાઈ નકુમ, રહે.કડીયાળી, તા.રાજુલા, જી.અમરેલી, હાલ રહે.વિક્રમ નગર સોસાયટી, પુણા ગામ, તા.જી.સુરત નાઓને નવાબંદર મરીન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૩૨૬૦૧૩૧/૨૦૨૬, બી.એન.એસ. કલમ-

૧૧૮(૨), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૧(૩) તથા ૫૪ મુજબના ગુનામાં **પ્રત્યેક અરજદારને રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

**-॥ શરતો ॥-**

(૧) અરજદાર/આરોપીઓએ ભવિષ્યમાં આ પ્રકારની કે અન્ય કોઇ પ્રકારની ગુનાહીત પ્રવૃતિઓમાં સંડોવાવુ નહી.

(૨) અરજદાર/આરોપીઓએ પોલીસ તપાસમાં પુરતો સાથ અને સહકાર આપવો.

(૩) અરજદાર/આરોપીઓએ તેમના રહેણાંકનું કાયમી સરનામુ મોબાઇલ નંબર સાથે ટ્રાયલ અદાલત સમક્ષ રજુ રાખવુ. અરજદાર/આરોપીઓએ રહેણાંકના સરનામામાં ફેરફાર થાય તો ટ્રાયલ અદાલતને તેની જાણ કરવી.

(૪) અરજદાર/આરોપીઓએ પોતાની સામેનો કેસ પુરો ન થાય ત્યાં સુધી ભારત દેશની હદ ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી વગર છોડવી નહી.

(૫) અરજદાર/આરોપીઓએ ટ્રાયલ અદાલત સમક્ષ દરેક મુદતે નિયમીત હાજર રહેવુ અને કેસ ઝડપથી આગળ ચલાવવામાં પુરતો સહકાર આપવો.

(૬) અરજદાર/આરોપીઓએ હુકમની તારીખથી દિન-૩ માં પાસપોર્ટ અત્રેની અદાલતમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો તે અંગેનું સોગંદનામુ અત્રેની અદાલતમાં રજુ કરવુ.

(૭) અરજદાર/આરોપીઓએ જામીન, બોન્ડ વિગેરે અદાલતને સંતોષ થાય તે મુજબ રજુ રાખવા.

– જામીન સંબંધીત અદાલત સમક્ષ રજુ કરવા.

– હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ–૧૭ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૭/૦૩/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(અતુલકુમાર આર. પટેલ)
ઈ.ચા.એડીશ્નલ સેશન્સ જજ,
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૭૧૦.